# "મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયના કચ્છની આર્થિક સ્થિતિ"

## "એક ઐતિહાસિક અભ્યાસ"



**ડૉ.નરેશ જે.પરીખ**
**એસોસિએટ પ્રોફેસર,ઈતિહાસવિભાગ,**
**પી.એસ સાયન્સ એન્ડ**
**એચ.ડી પટેલ આર્ટસ કોલેજ,કડી ( ઉ.ગુ )**

ઈ.સ ૧૯૭૮ થી ૧૮૧૩નાં ૩૫ વર્ષનો સમય કચ્છ માટે રાયધણયુગ હતો.આ યુગમાં કચ્છ યુગ પરિવર્તનના ત્રિભેટે આવીને ઉભેલ દેખાય છે કારણ કે ૧૮મી સદીનો અંત અને ૧૯મી સદીની શરૂઆત સમગ્ર ભારત માટે શકવર્તી હતી,કચ્છ તેમાંથી કેમ બાકાત રહી શકે ?

રાયધણજી બીજાના સમયમાં રાજકીય અવ્યવસ્થા સત્તાની સાઠમારી અને રાજકીય હરિફોનો ખુલ્લો સંઘર્ષ જેવા માનવસર્જિત કારણોએ કચ્છની આર્થિક સ્થિતિ બગાડી નાખી હતી, સાથે-સાથે રોગચાળો,દુકાળ, ધરતીકંપ વગેરેના લીધે આ યુગમાં કચ્છની પ્રજાને જીવવું કપરું બની ગયું હતું, પરિણામે ગામડાઓ વેરાન થઈ ગયા હતા,કેટલાક કચ્છીઓ તો પોતાનું વતન છોડી મુંબઈ જેવા શહેરોમાં જવા લાગ્યા.

### વિવિધ લગાઓ :

રાજ્યની આવકનો મોટો ભાગ જમીન મહેસુલ હતું, ઉપરાંત બાંભ, વીશી, પડલી, ફી મોટાઇ, લાગત, તેલીકર, ખાટકી, પાવરાની લાગત, પછેડી, કાંઠાની ધૂળ ધોયાની લાગો, હાડની પાયવતી, એરણની લાગત, ગાયના દોભની લાગત, સુરૈયાની કોથળીની લાગત ભૈયાની દેરાની લાગત, ભૂગભીયાની દેરાની લાગત વગેરે અનેક કરો ઉઘરાવવામાં આવતા હતા, પ્રજાનો કોઈ વર્ગ તેમાંથી બાકાત નહોતો,આ ઉપરાંત પ્રસંગોપાત વિવિધ પ્રકારના વેરાઓ પણ લેવાતા.

### જકાત :

વિવિધ જકાતનાકા મારફત જકાતો લેવાતી હતી, સિંધડીના કિલ્લામાં સરહદી જકાત લેવાતી, બંદરોની જકાતનો વાર્ષિક ઈજારો અપાતો.

### નૂર :

માંડવીથી મુંબઈનું નૂર ખાંડીએ એક રૂપિયો, મલબારના લાકડાનું ખાંડીએ બે રૂપિયા, સોનમિયાણીનુ નૂર કોરી, સોબારનું ૧૫ કોરી નૂર લેવાતું, છતાં વેપારીઓ પોતાના ખાનગી જહાજોમાં બહુ સસ્તા માલ મોકલી શકતા.

**ઓળનો માલ :**

સમુદ્રમાં ડૂબેલા તૂટેલા જહાજોના માલ કિનારે તણાઈ આવે તેને ઓળનો માલ કહેતા,જે જપ્ત કરાતો,પરવાના વગર ચાલતા જહાજો પર રસ્તા વેરો નાખવામાં આવતો.

**ઘરવેરો :**

કર્નલ ટોડ નોંધે છે, કે માંડવીનો કુલ ઘરવેરો રૂપિયા ૨૫ હજારનો હતો.

**રાજ્યની કુલ આવક :**

રાજ્યની આવકના વર્ષવાર જુદા જુદા આંકડા મળે છે, ૧૮૦૩માં ૨૩ લાખ રૂપિયા,૧૮૦૪માં ૧૦ લાખ રૂપિયા આવક હતી,આ પરથી લાગે છે, કે સમગ્ર કચ્છની આયાતો સાથેની કુલ આવક રૂપિયા ૨૦ થી ૨૫ લાખ થતી હતી.

**ભાવ સપાટી :**

રાયધણયુગ સામાન્ય રીતે અસ્થિર ભાવનો યુગ હતું પણ યુગમાં બાજરો, કઠોળ અને સામાન્ય ચોખાના ભાવો ૧૭૮૧, ૧૭૮૨, ૧૭૯૦, ૧૮૦૦,૧ ૮૦૪, ૧૮૧૧, ૧૮૧૨ અને ૧૮૧૩ના મળ્યા છે, તેના પરથી લાગે છે,કે રયધણજીના રાજ્યારોહણ વખતે નીચા ભાવો હતા.

**રાયધણજીના સિક્કાઓ :**

રાયધણજીના સિક્કાઓ મળે છે,તેની આગળની બાજુએ સ્પષ્ટ રીતે કુરાનની આયાત "લા ઈલાહી ઈલ ઈલ્લા મોહમ્મદ અલ રસુલીલ્લાહ" અંકિત થયેલી છે,બીજી બાજુએ જલાલુદ્દીન લખેલ છે, લોઅર માર્જિનમાં 'શ્રી રાઅધ'દેવનાગરીમાં લખ્યું છે, તેમના દોકડા, અને ત્રાબિયાં પણ મળે છે.

**વેપાર :**

કચ્છનો વેપાર અતિ પ્રાચીન છે,વેપારમાં ખાસ કરીને ઉન, રૂ, ગુલામો અને ઘોડાઓનો વેપાર મુખ્ય થતો હતો, રાયધણજીના સમયમાં અનેક વેપારીઓ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતા બન્યા હતા, કચ્છની અનેક વેપારી પેઢીઓએ વેપારમાં વૃદ્ધિ કરી હતી.

**નિકાસ :**

કિનખાબ, ભરતગુંથણ,બાંધણી,સંગાડાકામ,ચાદીનું નકશીકામ, લાકડા પરનું ચિત્રકામ, ઢાલ-તલવાર,વહાણો,સઢ,ખીલા,કાંટા,ત્રાજવા,સુડી,ચપ્પુ,માટીનાવાસણ,મીઠું,ચિરોડી વગેરેની નિકાસ થતી હતી.

**આયાત :**

હેમિલ્ટન કચ્છની આયાતોમાં ખાંડ,મરી,કાચું રેશમ તથા કાપડના તાકાઓ ગણાવે છે,જ્યારે શ્રીમતી વોસ્ટન્સ આયાતોમાં તાડ ફળ,કોફી,સૂકી-દ્રાક્ષ,સુરમો,રંગીન સાદડી વગેરેનો સમાવેશ કરે છે.

**વિદેશ વ્યાપાર :**

૧૮૦૬ પછી વિદેશ વેપારને વેગ મળ્યો,તેમાં કચ્છના ભાટીયા,લોહાણ અને ખોજીઓ મુખ્ય હતા,વિદેશ વેપારને કચ્છીઓ 'સફરી' તરીકે ઓળખતા,જ્યારે આંતરિક વેપારને 'બારી' કહેતા,કચ્છી વેપારીઓ ઝાંઝીબાર, મોંઝાબિડા,પેમ્બા, મકરાન,રાતા સમુદ્ર અને સિંધ સાથે વેપાર કરતા.

**ખેતીવાડી :**

જેમ્સ બન્સરના નોંધ્યા મુજબ લૂંટારાના ત્રાસના કારણે ખેડૂતો જમીન ખેડતા નહીં, વાગડના પ્રમાણમાં અબડાસાની ખેતી સારી થતી, ત્યાં કપાસ એરંડા અને તમાકુ થતા.

**સિંચાઈ :**

હેમિલ્ટનની નોંધ મુજબ કુવા દ્વારા સિંચાઇ થતી,જેનાથી કપાસ અને જુવારનો પાક લેવાતો,કચ્છના અનેક વિસ્તારોમાં તળાવો હતા, ખેતીવાડીઓમાં સ્ત્રીઓ પણ સખત મહેનત કરતી હતી.

**કચ્છી વહાણવટું :**

કચ્છી નાવિકો પરંપરાગત રીતે બાહોશ અને સાહસિક રહ્યા છે, કચ્છીવહાણો બતેલા, નાવડીઓ અને કોટિયા પ્રકારના હતા, ઉપરાંત કચ્છ બંદરે દીવ, ધંગી, બાગલા અને મારી નામના જહાજો આવતા હતા, માંડવીનો જહાજવાડો દેશી વહાણો બાંધવામાં અને નિકાસ કરવામાં અગ્રેસર હતો.

**ઉદ્યોગો :**

કચ્છના પરંપરાગત ઉદ્યોગોમાં મીઠું પકવવું, તેલીબીયા, કાપડ, થોડા પ્રમાણમાં ખનીજ, શસ્ત્રો બનાવવા, ફટકડી,ઘી,માખણ બનાવવા વગેરેનો સમાવેશ થતો હતો.

**પશુપાલન :**

કચ્છમાં બંન્નીની ઘાસિયા જમીન વધારે પ્રમાણમાં હોવાથી પશુપાલન એ કચ્છનો મુખ્ય વ્યવસાય બન્યો હતો, આ નોંધ કેપ્ટન મેકમુડ અને જેમ્સ બનર્સે કરી છે, પશુઓમાં ઊંટ, ઘોડા, ભેંસ,બળદ,ઘેટાં અને ગાયનો ઉછેર થતો.

**ચાંચિયાગીરી :**

રાયધણયુગમાં ફતેહમહમ્મદ અને મહંમદ સોટાની પ્રેરણાથી ચાંચિયાગીરી ફૂલીફાલી હતી, જોરામીર નામનો ચાંચિયો આ વખતે અરબી સમુદ્રમાં ઉપદ્રવ કરતો. તેથી ઈ.સ ૧૮૧૦માં અંગ્રેજોએ ગાયકવાડનો નૌકા કાફલો તેમની સામે મોકલ્યોં જેણે દમણ પાસેથી એક ચાંચિયાનું જહાજ કબજે કર્યું.

**લૂંટફાટ :**

કચ્છમાં લૂંટારાઓ રોકડ ન મળે તો પાક બાળી નાખતા અને ખેતીના સાધનો સળગાવી દેતા,એક લૂંટારાએ તો ભુજ લૂંટવાની હિંમત કરી હતી,પરંતુ તેને મારી નાખવામાં આવ્યો,આ ભયંકર લૂંટારાઓનો અંત અંગ્રેજોએ સિંધ કબજે કર્યું ત્યારે આવ્યો.

**દુષ્કાળો :**

રાયધણયુગમાં ઈ.સ ૧૬૮૨,૧૭૮૪,૧૭૯૧,અને ૧૮૧૩માં ગંભીર દુકાળો પડ્યા હતા,જેમાં ૧૮૧૩માં પડેલો દુકાળ એ વખતનો ભયંકર દુકાળ હતો,ઈમ્પિરિયલ ગેજેટીયરકારની નોંધ મુજબ આ દુકાળમાં ખોરાક માટે બાળકોને વેચી દેવામાં આવતા હતા, બિલાડા, કુતરાનું માંસ તો ખાવા માટે સામાન્ય બની ગયું હતું, માણસનું માંસ પણ ખવાતું.

લૂંટારા,ચાંચિયા,રોગચાળો,દુષ્કાળો વગેરેએ સામાન્ય લોકોની આર્થિક સ્થિતિ બગાડી નાખી હતી, વેપાર વૃત્તિ ધરાવતી કચ્છી પ્રજાએ તમામ આફતોનો સામનો કરી આર્થિક સ્થિતિ સધ્ધર બનાવવાના પ્રયાસો કર્યા હતા.

**સંદર્ભગ્રંથો :**

૧. "ટ્રાન્જેક્શન ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડ",વોલ્યુમ-૩

૨. "કારાડુંગર કચ્છજો"

૩. "સિક્રેટ એન્ડ ફોરેઈન ડીપાર્ટમેંન્ટ",ડાયરીઓ

૪. "જર્નલ ઓફ ધી બોમ્બે બ્રાન્ચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી",વોલ્યુમસો.

૫. કચ્છનું વેપારતંત્ર.

૬. "ગેઝેટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડેન્સી",વોલ્યુમ-૫.

૭. "ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સ" : કચ્છ ડિસ્ટ્રિક્ટ

૮. "ગુજરાત સર્વસંગ્રહ"

૯. "ગુજરાતનો સંસ્કૃતિક ઈતિહાસ",

૧૦. "ઈમ્પિરિયલ ગેઝેટિયર",વોલ્યુમ-૨.

૧૧. "કચ્છનો ઈતિહાસ"